# સરકારી આયુર્વેદ દવાખાનામાં (ઓ.પી.ડી.) અને
# સરકારી આયુર્વેદ હોસ્પિટલમાં ( ઓ.પી.ડી. અને આઈ.પી.ડી.)
# માં ઉપલબ્ધ સેવાઓ

(સરકારશ્રી દ્વારા કાર્યરત હોવાથી અહી તમામ સારવાર અને સુવિધા તદ્દન મફત આપવામાં આવે છે.)

## ઓ.પી.ડી.માં મળતી સેવાઓ

- દરેક રોગના દર્દીઓને આયુર્વેદ/મોર્ડન પદ્ધતિથી તપાસી, યોગ્ય નિદાન કરી રોગાનુસાર સ્વાસ્થ્ય રક્ષા માટેની યોગ્ય પરેજી અંગેનું માર્ગદર્શન અને યોગ્ય ઔષધ દ્વારા સારવાર આપવામાં આવે છે.
- દિનચર્યા ઋતુચર્યા અંગે માર્ગદર્શન - દિવસ અને ઋતુ અનુસાર પાલનીય/અપાલનીય નિયમો અનુસરવાથી શરીર સ્વાસ્થ્યને લાંબા સમય સુધી ટકાવી રાખવામાં મદદરૂપ થાય છે
- પ્રકૃતિ પરીક્ષણ – દરેક વ્યક્તિની પ્રકૃતિ જાણી તે અનુસાર આહાર-વિહાર, ઋતુ અનુસાર થતી તકલીફ અને તેને અનુકુળ ઔષધનું માર્ગદર્શન આપવામાં આવે છે.
- સુવર્ણપ્રાશન – બાળકોનો વૃદ્ધિ-વિકાસ, યાદશક્તિ અને રોગપ્રતીકાર શક્તિ વધારવા માટે
- જરા ચિકિત્સા – ૬૦ વર્ષ અને તેથી મોટી ઉંમરના વડીલો માટે વિશેષ સારવાર
- યોગાસન – વિવિધ રોગાનુસાર જરૂરી યોગ અને પ્રાણાયામનું માર્ગદર્શન
- શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ
- આંગણવાડી બાળ તપાસ અને કુપોષણ નિવારણ કાર્યક્રમ
- સર્વરોગ નિદાન સારવાર કેમ્પ તથા ઋતુ અને રોગાનુસાર ઉકાળા કેમ્પ કરવામાં આવે છે.